# ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના (૨૨મોની) કલમ–૩૭(૧) મુજબ
## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા ધ્વારા જાહેરનામું

નંબર :– પીઓએલ/વશી/૧૬૬૮/૨૦૨૦
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, મહેસાણા.
તારીખ :– ૧૪/૧૦/૨૦૨૦

વંચાણમાં લીધુ ::–

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણાના પત્ર નંબર:– લઈબ/૪૧૪/જાહેરનામું/ ૯૨૦૬/૨૦૨૦, તા. ૧૪/૧૦/૨૦૨૦

જાહેરનામું ::–

હાલમાં ચાલતા COVID-19ના વાઇરસને ફેલાતો અટકાવવા સારુ તથા આગામી સમયમાં નવરાત્રીનો તહેવાર આવનાર હોઇ જેથી મહેસાણા જિલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવાઈ રહે તે સારુ સાવચેતીનાં પગલાં રૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨ માની કલમ–૩૭(૧) મુજબનું હથિયારબંધી અંગેનુ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી મહેસાણાએ આમુખ–(૧) ના પત્રથી દરખાસ્ત કરી છે. જે વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું પ્રદિપસિંહ રાઠોડ (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,મહેસાણા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ મહેસાણા જિલ્લાના તમામ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં તા.૧૬/૧૦/૨૦૨૦ ના ૦૦:૦૦ કલાકથી તા.૩૦/૧૦/૨૦૨૦ ના ૨૪:૦૦ કલાક સુધી(બંન્ને દિવસો સુધ્ધાંત ) નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમએ નહી કરવાનું ફરમાવું છું.

(૧) શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પું, લાકડી,અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયાર સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.
(૨) જલ્દી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે, એકઠાં કરવા તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું.
(૩) પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠાં કરવાનું.
(૪) જુસ્સાદાર ભાષણ કરવાનું કે,નનામીઓ કે પુતળાં કાઢવાનું કે, ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું.
(૫) ધાર્મિક કે સામાજીક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું.
(૬) અપમાન કરવાનું કે, જાહેર ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારી કે અસ્લીલ ગીતો ગાવાનું કે, ટોળામાં ફરવાનું.
(૭) માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું.
(૮) નિતિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, વાણી ઉચ્ચારવાનું, નિતિનો ભંગ થાય તેવા હાવ–ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે, ઉપયોગ કરવાનું.

અ પ વા દ ::–

આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીશ્રીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને.
(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,મહેસાણા/અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મહેસાણા/સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહેસાણા,વિસનગર,ખેરાલુ,કડી/એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીઓએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને.
(૩) ઉપરોકત–(૨) સિવાય અન્ય કિસ્સાઓમાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ હોય તેવી વ્યકિતઓને,

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૧૩૫(૧) મુજબ તથા આઈ.પી.સી.કલમ–૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહેસાણા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી ક. ૧૮૮ તથા ગુ.પો.અધિ.ક.૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તા. ૧૪/૧૦/૨૦૨૦ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

14.10.20

(પ્રદિપસિંહ રાઠોડ)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
મહેસાણા

<u>નકલ સવિનય રવાના</u> ::–

(૧) પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા તરફ સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવા તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા/ વિસનગર/ખેરાલુ/કડી તરફ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા તેમજ પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૩) નાયબ પોલીસ અધિકારીશ્રી, એસ.સી./એસ.ટી. સેલ, મહેસાણા.
(૪) નાયબ પોલીસ અધિકારીશ્રી (મુખ્ય મથક) મહેસાણા.
(૫) વ્યવસ્થાપકશ્રી, સરકારી છાપકામ ખાતું, વડોદરા તરફ.
૨/– આગામી એકસ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.
(૬) નાયબ માહીતી નિયામકશ્રી,મહેસાણા તરફ સ્થાનિક વર્તમાનપત્રોમાં તાકીદે વિના મુલ્યે આઈટમ ઓફ ન્યુઝ તરીકે પ્રદર્શિત કરવા સારૂ.
(૭) રજિસ્ટ્રારશ્રી, જિલ્લા અદાલત મહેસાણા તરફ જાણ–વ–જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ કરાવવા સારુ વિનંતી સહ.
(૮) રજિસ્ટ્રારશ્રી,જે.એમ.એફ.સી. કોર્ટ મહેસાણા, વિસનગર,કડી,વિજાપુર, ઉંઝા, ખેરાલું,વડનગર,બેચરાજી સતલાસણા તરફ જાણ–વ–જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ કરાવવા સારુ વિનંતી સહ.

<u>નકલ રવાના :–</u>

(૧) એકઝીકયુટીવમેજીસ્ટ્રેટશ્રી,મહેસાણા,જોટાણા,વિસનગર,કડી, વિજાપુર, ઉંઝા, ખેરાલું,સતલાસણા,વડનગર, બેચરાજી, તરફ જાણ તેમજ જાહેરનામાની સ્થાનિક પ્રસિધ્ધિ તાકીદે કરાવવા સારૂ. તેમજ તે અંગેનો પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી,મહેસાણા ,વિસનગર, કડી, વિજાપુર, ઉંઝા, ખેરાલું, સતલાસણા, વડનગર, બેચરાજી, જોટાણા તરફ જાણ તેમજ જાહેરનામાની પ્રસિધ્ધિ તમામ ગ્રામ પંચાયતોમાં કરાવી તે અંગેનો પ્રસિધ્ધિ રીપોર્ટ અત્રે મોકલી આપવા સારૂ.
(૩) જિલ્લા ઈન્ફર્મેટીક ઓફીસરશ્રી, NIC મહેસાણા તરફ જાણ સારું
(૪) સીલેકટ ફાઈલે

કલેકટર કચેરી, મહેસાણા
રજીસ્ટ્રી શાખા - ૩૮૪૦૦૧
16 OCT 2020
દફતરનું નામ NIC
ઇનવર્ડ નં. 253